# રાજકોટ ચેમ્બર ઓફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ની રજુઆત અન્વયે ગોંડલ રોડ ચોકડી, ક્રિષ્ના પાર્ક પાસેના ઓવરબ્રિજના કામનું ફરીથી રિટેન્ડરિંગ જાહેર કરવામાં આવ્યું..

શહેરમાં દિન-પ્રતિદિન ટ્રાફિક સમસ્યા ઘેરી બનતી જાય છે ત્યારે શહેરના ગોંડલ રોડ ચોકડી, ક્રિષ્ના પાર્ક ચોકડી પાસે ઓવરબ્રીજ બનાવવાનું મંજુર કરવામાં આવેલ અને તેનું કામકાજ પણ ચાલું હતુ પરંતુ અગાઉના કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવેલ. જેના કારણે આ ઓવરબ્રીજનું કામ ૨ થી ૩ મહિના સુધી અટકી ગયેલ હતું જેના હિસાબે શાપર-વેરાવળ, હડમતાળા, વાવડી, કોઠારીયા, કાંગશીયાળી વગેરે જેવા ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં તથા રાજકોટ-પોરબંદર, જુનાગઢ હાઈ-વે પર રોજ-બરોજ ઉદ્યોગકારો તથા પ્રજાજનો દિવસ-રાત અવર જવર કરતા હોવાથી તેઓને ટ્રાફિક સમસ્યાનો અસહય સામનો કરવો પડતો હતો અને ખુબજ લાંબી લાઈનો થવાથી એક થી દોઢ કલાક જેટલો ટ્રાફિક જામ થઈ જતો હતો તે અનુસંધાને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હાઈ-વે ઓથોરીટી તથા કોર્પોરતિઓનને લેખિત તથા મૌખિક રજુઆતો કરવાથી આ ઓવરબ્રીજના કામ માટે ફરીથી રીટેન્ડરીંગ બહાર પાડવામાં આવેલ અને તેની કિંમત અંદાજે ૯૨ કરોડ આસપાસનું રીટેન્ડરીંગ કરવામાં આવેલ છે. આ રીટેન્ડરીંગની પ્રક્રિયા બે થી ત્રણ દિવસ પુર્ણ થઈ જશે. ત્યાર બાદ આ ઓવરબ્રીજનું કામ ફરી શરૂ થશે અને તે પુર્ણ થતા આ રોડ પરના ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન હલ થઈ જશે. આ સળગતા પ્રશ્ન માટે માનનીય કેન્દ્રીયમંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાને રજુઆત કરતા તેમના સાથ અને સહકારથી આ પ્રશ્નનું નિરાકરણ આવેલ છે.